



અરવલ્લી જિલ્લાના ધનસુરામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદ વરસતા બજાર અને રોડ અને સોસાયટીમાં પાણી ભરાઈ ગયા હતા. વિરામ બાદ વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

# માલપુરના પીપરાણા ગામના આધેડનુ અમદાવાદ સિવિલમાં સ્વાઈન ફ્લુની સારવાર બાદ ઘરે મોત નીપજ્યું

## ધનસુરાના ૨ વર્ષના ભાઈ-બહેન અને સરડોઈ ગામની મહિલાને શંકાસ્પદ સ્વાઇન ફ્લુના લક્ષણો

માલપુર, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી ૧૨ લોકો સ્વાઈનફ્લુની ઝપટમાં સપડાયા છે. ત્યારે ચાલુ સિઝનનો સૌપ્રથમ શંકાસ્પદ સ્વાઈનફ્લુનો માલપુર તાલુકાના પીપરાણા ગામનો આધેડ સપડાયો હતો જેને તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો અને સ્વાઈનફ્લુના શંકાસ્પદ લક્ષણોને લઈ આઈસોલેશન વોર્ડમાં સતત ૯ દિવસ સારવાર આપ્યા પછી સિવિલ હોસ્પિટલના તબીબોએ ડિસ્ચાર્જ કરતા પરિવારજનો આધેડને લઈ ઘરે આવ્યા હતા. ત્યારે બીજા દિવસ આધેડને અચાનક શ્વાસ ઉપાડતા પરિવારજનો ગભરાઈ ગયા હતા અને ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સને જાણ કરતા ૧૦૮ પહોંચે તે પહેલા આધેડનું મોત નિપજતા માલપુર પંથકમાં હાહાકાર મચી ગયો હતો. જિલ્લા આરોગ્ય વિભાગ હજુ સુધી અંધારામાં હોય તેમ સ્વાઈનફ્લુથી જિલ્લામાં એકપણ વ્યક્તિનું મોત નીપજ્યું ન હોવાના ગાણાં ગાયી રહ્યું છે. જિલ્લા આરોગ્ય વિભાગની કથળતી જતી સેવાના પગલે જિલ્લા વાસીઓમાં ઉગ્ર રોષ ફેલાયો છે.

માલપુર તાલુકાના પીપરાણા ગામના આધેડને શરદી,ખાંસી અને ભારે તાવના લક્ષણો જણાતા તાબતોડ પરિવારજનોએ મોડાસાની મેઘરજ રોડ પર આવેલી મલ્ટી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યાં તબીબોએ શંકાસ્પદ સ્વાઈનફ્લુને ધ્યાને રાખી સારવાર અપાય બાદ આધેડની તબિયત લથડતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબોએ આધેડને શ્વાસ લેવામાં તકલીફ પડતા સ્વાઈનફ્લુ માટે ઉભા કરેલ આઈસોલેશન વોર્ડમાં દાખલ કરી ૯ દિવસ સતત સ્વાઈનફ્લુની સઘન સારવાર કરી આધેડની તબિયત નોર્મલ થતા સ્વાઈનફ્લુ બીમારી મટી જતા આધેડને રજા આપી દેવાતા પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો અને વતન લઈ આવ્યા હતા પરંતુ ફરીથી બીજા દિવસે આધેડને અચાનક શ્વાસ લેવામાં તકલીફ પડતા પરિવારજનોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા ૧૦૮ પહોંચે તે પહેલા આધેડનું મોત નિપજતા પીપરાણા ગામ માં અને માલપુર પંથક સહીત અરવલ્લી જિલ્લામાં ફફડાટ ફેલાયો હતો.

શંકાસ્પદ સ્વાઈનફ્લુમાં મોત નીપજેલા આધેડના પરિવારજનોના જણાવ્યા મુજબ એકવાર આરોગ્ય વિભાગની ટીમ સર્વે કરી તકેદારીના ભાગરૂપે દવાઓ આપ્યા પછી ગામમાં કે પરિવારજનોની અને મૃતક આધેડની હાલત અંગે જાણવાની પણ તસ્દી લીધી નથી.

# પ્રાંતિજ પાસે અજાણ્યા વાહનની ટક્કરથી માતા-પુત્રીનું કમકમાટીભર્યુ મોત

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ શાકમાર્કેટ પાસે રાત્રીના સમયે રોડ ક્રોસ કરી રહેલ માતા-પુત્રીને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા મા-દિકરીનુ ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. હિંમતનગર -અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ શાકમાર્કેટ પાસે રાત્રીનાં સમયે મા-દિકરી રોડ ક્રોસ કરી રહ્યા હતા તે સમયે અચાનક કોઈ અજાણ્યા વાહન ચાલક બે ફામ ફુલ ફાસ્ટ પોતાના કબ્જાનું વાહન હંકારી



લાવી માતા-પુત્રી બન્નેને અડફેટે લેતા ૬ વર્ષની પુત્રી જીજાને માથાના ભાગે ઈજાઓ પહોચતા ઘટનાસ્થળે મોત નિપજ્યુંહતુ. જયારે તેની માતા કમળાબેન ઉ.વર્ષ-૩૦ શરીરે તથા માથાના ભાગે ઈજાઓ થતાં બન્નેનું ઘટનાસ્થળે કમકમાટીભયુ મોત નિપજ્યુંહતું જયારે વાહન ચાલક અકસ્માત સર્જી માતા-પુત્રીનુંમોત નિપજાવી ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. જયારે પ્રાંતિજ પોલીસને જાણ થતા ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતક મા-દિકરીને પ્રાંતિજ સિવિલ ખાતે પી.એમ. અર્થે મોકલી આપવામાં આવ્યાં હતાં જયારે મૃતક મહિલાના પતિ મહેશરણછોડ ભીલ રહે. પ્રાંતિજના કાટવાડની ફરીયાદના આધારે અજાણ્યા વાહનચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઊંઝા નજીકના શીહી ગામે મોટરકાર અને બાઈક અથડાતાં બાઈકસવાર બે વ્યક્તિઓના મોત

આજે ઊંઝા નજીક પાટણ રોડ પર આવેલ શીહી ગામે સ્કોર્પિયો કાર અને બાઈક વચ્ચે ગોઝારો અકસ્માત થતાં બાઈક સવાર બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. મૂળ બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના ચેહલા ગામના વતની રામજીભાઈ અજાભાઈ ગોરાખા (બ્રાહ્મણ) છેલ્લા ૧૫ વર્ષથી ઊંઝા નજીક સુરજનગર ગામે રસોઈયા તરીકે કામ કરતા હોઈ ગઈરાત્રે તેમના નજીકના સગા પિતાંબરભાઈ રતનભાઈ વ્યાસ રહે. ચાંગા તા. સુઈગામ, જી. બનાસકાંઠાવાળા મળવા માટે આવ્યા હતા. ત્યારે માર્ગમાં શીહી ગામે ગોગા મહારાજના મંદિર પાસે સામેથી આવતી સ્કોર્પિયો કાર નંબર જીજે.૯.બી.૯૪૯૯ અથડાતા બાઈક પર સવાર બંને વ્યક્તિઓના ઘટનાસ્થળ પર જ કરૂણ મોત નિપજ્યા હતા.

# મોડાસા સાંઈ મંદિર સામે વીજ ડીપીમાંથી કરંટ ઉતરતાં ગાયનું મોત

મોડાસા, તા. ૨૦

મોડાસા શહેરમાં વીજતંત્ર દ્વારા પ્રિમોન્સુન કામગીરી હેઠળ અનેકવાર વીજપુરવઠો બંધ કરી કામગીરી કરવા છતાં પ્રિમોન્સુન પ્લાન ફક્ત કાગળ પર જ હોય તેમ રવિવારે સવારના સુમારે માલપુર રોડ પર આવેલા જાણીતા સાંઈ મંદિર સામેની બાજુ રહેલી વીજડીપીમાંથી કરંટ ઉતરતા વીજડીપીના પોજરા નજીકથી પસાર થતી ગાયને વીજકરંટ લાગતા જમીન પર પટકાયી તરફડીયા મારી મોત નિપજતા મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ વીજતંત્રને કરાતા વીજપુરવઠો બંધ કરી સમારકામ કરવામાં આવ્યું હતુ.

મોડાસાના માલપુર રોડ પર આવેલા સાંઈ મંદિર સામે વીજતંત્ર દ્વારા લગાડવામાં આવેલી વીજડીપીના સુરક્ષા પાંજાળામાં વીજકરંટ ઉતરતા નજીકથી પસાર થતી ગાયને વીજકરંટથી ખેંચાઈ જમીન પર પટકાયી તરફડીયા મારી મોત નિપજતા આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા. વીજકરંટથી ગાયનું મોત નિપજતા લોકોમાં વીજતંત્રની બેદરકારી સામે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. આ ઘટનાની જાણ વીજતંત્રને કરાતા કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને વીજપુરવઠો બંધ કરી સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. જીવદયા પ્રેમીઓમાં ગાયના મોતથી લાગણી



દુભાયી હતી.

સાંઈ મંદિરે રવિવારે મોટી સંખ્યામાં ભક્તો સાઈબાબાના દર્શનાર્થે આવતા હોવાની સાથે મંદિરની બાજુમાં જ બાળ ક્રીડાંગણ અને બગીચો હોવાથી સાંજના સુમારે શહેરના પરિવારો બાળકો સાથે ઉમટી પડે છે. ત્યારે રમતા બાળકો કે કોઈ બાળક આ વીજડીપી પાસે પહોંચી ગયું હોત વીજકરંટથી મોટી દુર્ઘટના સર્જાઈ સકી હોત પણ ગાયને વીજકરંટથી મોત નિપજતા નિર્દોષ લોકોનો જીવ બચી ગયો હોવાનું ઉપસ્થિત લોકોએ જણાવ્યું હતું.

# શામળાજી પોલીસે અણસોલ નજીક કારમાંથી ૭૨ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો : કારચાલક ફરાર

અરવલ્લી જિલ્લાની આંતરરાજ્ય સરહદ રતનપુર ચેક પોસ્ટથી ગુજરાતમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી રૂપિયા કમાઈ લેવા રાજ્ય સહીત આંતરરાજ્ય બુટલેગરો નિતનવા નુસ્ખા અપનાવી ગુજરાતમાં રોજનો કરોડો રૂપિયાનો દારૂ ઠાલવી રહ્યા છે. શામળાજી પોલીસે અમદાવાદ-શામળાજી નેશનલ હાઈવે નં-૮ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનુ શુક્રવારે સઘન ચેકીંગ હાથ ધરતા સાંજના સુમારે રેનોલ્ટ સ્કેલા કારમાંથી ૭૨૦૦૦ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી ફરાર કારચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

શામળાજી પોલીસે શુક્રવારે અણસોલ ગામની સીમમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે સાંજના સુમારે રાજસ્થાન તરફથી આવતી નંબર વગરની રેનોલ્ટ સ્કેલા કારનો ચાલક કાર રોડ સાઈડ ઉભી રાખી ફરાર થયી જતા શામળાજી પોલીસે




કારમાં તપાસ કરતા કારમાંથી મોંઘી બ્રાન્ડની વિદેશી દારૂની ૧૪૪ નંગ બોટલો કિંમત રૂ. ૭૨૦૦૦ની વગર પાસપરમીટનો ગેરકાયદેસર રીતે ગુજરાતમાં ઘુસાડાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી રેનોલ્ટ સ્કેલા કારની કિં. ૪૦૦૦૦૦ મળી કુલ ૪૭૨૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ફરાર કાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ : પ્રાંતિજ નવા બાકરપુર પ્રાથમિક શાળાને ૫૦,૦૦૦ના પુરસ્કારથી બિરદાવવામાં આવશે

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નવા બાકરપુર ખાતે આવેલ નવાબાકરપુર પ્રાથમિક શાળા તથા હિંમતનગર તાલુકાના ચાંપલાનર



પ્રાથમિક શાળા સ્વચ્છ વિધાલય પુરસ્કારથી બિરદાવવામાં આવશે.

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય ન્યુ દિલ્હી દ્વારા શાળાઓમાં 'સ્વચ્છતા' અંગેની સારી કામગીરીને લઇને બિરદાવવા માટે 'સ્વચ્છ વિધાલય પુરસ્કાર' રૂપિયા ૫૦,૦૦૦ આપીને બિરદાવવામાં આવશે. જેમાં ગુજરાત રાજયમાંથી છ શાળાઓનો સમાવેશ થયો છે જેમાં બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, વડોદરા અને સાબરકાંઠા જિલ્લામાંથી બે શાળાઓનો સમાવેશ થયેલ છે જેમાં પ્રાંતિજના નવા બાકરપુર ખાતે આવેલ નવા બાકરપુર પ્રાથમિક શાળાનો તથા હિંમતનગર તાલુકાના ચાંપલાનર પ્રાથમિક શાળાનો સમાવેશ થયેલ છે. જેમાં રૂપિયા ૫૦,૦૦૦ પુરસ્કાર પેટે આપવામાં આવશે જયારે શાળાનાં આચાર્ય તથા બાળ સંસદના ત્રણ બાળકોએ દિલ્હી મુકામે રહેવા તથા જમવા તથા આવવા જવાનો ખર્ચ ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા ઉઠાવવામાં આવશે અને પહેલી સપ્ટેમ્બર ૨૦૧૭ના દિવસે ન્યુ દિલ્હી ખાતે ૫૦,૦૦૦ નો પુરસ્કાર આપવામાં આવશે જયારે સાબરકાંઠા જિલ્લામાંથી બે શાળાઓ પ્રસંગ થતાં જિલ્લામાં નામ રોશન થતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાઅધિકારી રમેશભાઇ ઉપાધ્યાય તથા તાલુકા શિક્ષણાઅધિકારી ટી.કે. વાઘેલા દ્વારા બન્ને શાળાઓને અભિનંદન પાઠવ્યા છે.

# પ્રાંતિજ ખાતે કોંગ્રેસ કાર્યકરો દ્વારા રાજીવ ગાંધીની જન્મ જયંતિની ઉજવણી

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોંગ્રેસ કાર્યકરો આગેવાનો દ્વારા સ્વર્ગસ્થ વડાપ્રધાન રાજીવગાંધીની જન્મ જયંતી નિમિત્તે પ્રાંતિજની સિવિલ હોસ્પિટલનાં દર્દીઓને ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે કોંગ્રેસ કાર્યકરો દ્વારા સ્વ. વડાપ્રધાન રાજીવગાંધીની જન્મ જયંતિને લઈને પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે હોસ્પિટલના દર્દીઓને સ્વર્ગસ્થ વડાપ્રધાન રાજીવગાંધીની જન્મ જયંતી નિમિત્તે ફ્રૂટ તથા બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને રાજીવ ગાંધી અમર રહોના નારા બોલાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા પંચાયતના પ્રમુખ દક્ષાબેન રાઠોડ, નગરપાલિકા કોર્પોરેટર સફીભાઈ, તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, વજેશભાઈ ભાવસાર, સમીરભાઈ શર્મા, વિષ્ણુભાઈ પટેલ સહિત પ્રાંતિજ તથા તાલુકામાંથી કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# પ્રાંતિજના પલ્લાચર ખાતે ગટરો ઉભરાતાં ગંદકીનું સામ્રાજય

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામમા ઠેર- ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્યથી રોગચાળો



ફેલાય તેવી દહેશત સેવાઈ રહી છે અને ગામમાં મચ્છરોનો ઉપદ્રવ દિન-પ્રત દિન વધતા ગ્રામજનો ચિંતાના છે.

પલ્લાચર ખાતે છેલ્લા ચાર મહિનાથી ગટરો ઉભરાતા રોડ વચ્ચે પાણી ફરી વળતા હાલ તો ગંદકીનું સામ્રાજ્ય જોવાં મલી રહ્યું છે અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. ત્યાંથી અવર જવર કરતાં ગામજનોના નાકના ટેળવા પણ ચડી જાય છે. તેવી દુર્ગંધ મારે છે અને પશુઓને પાણી પીવાનો અવારો છે પણ પશુ પણ પાણી પીતા નથી તો બીજીબાજુ પાણીની ટાંકી પણ છેલ્લાં કેટલાય સમયથી સફાઈ ના થતાં લીલના થર તથા પંખીઓના પીંછા સહિતનો કચરો પડયો છે અને ગંદકીથી પાણી ખદબદી ઉઠયું છે અને દુર્ગંધ મારે છે અને પાસે કોમ્યુનિટી હોલ આવેલ છે. અને વોટરરૂમમાં એટલી દારૂની થેલીઓનો થગ જામ્યો



છે. તો બીજીબાજુ મૃતક પશુઓ ચિરવાનો અખાડો રહેણાંક વિસ્તાર તથા આંગળવાડી તથા પાણીના બોરની પાસે હોવાથી નવી જગ્યા ફાળવે છે છતાં પશું ચીરવાનો અખાડો બદલવામાં આવ્યો નથી ત્યારે બીજીબાજુ ગામમાંથી ચાર દિવસ પહેલાં સ્વાઈનફ્લુનો એક કેસ પોઝીટીવ મળી આવ્યો છે. અનેગામમા વાયરલ બીમારી ફેલાઈ છે જેમાં તાવ, શરદી, ઉધરસ જેવાં કેસોમાં વધારો થયો છે છતાં હજુ તંત્ર ગોરનિંદ્રામાં છે. જ્યારે ગ્રામજનો વિષ્ણુભાઈ પટેલ, ઋષિનભાઈ પટેલ,નટવરભાઈ પટેલ, અમરતભાઈ પટેલ તથા ડેપ્યુટી સરપંચ નિખીલભાઈ પટેલ દ્વારા ગામ પંચાયત સહિત તાલુકા લેવલે રજુઆતો કરવામાં આવી છે તો પણ સ્થિતી જેસે થે ની છે ત્યારે હવે જોવાનું રહ્યું કે ગ્રામજનોની રજુઆત પ્રાન્ત અધિકારી તથા વિકાસ અધિકારી સુધી લાંબી થઈ છે પણ સાંભળવા આવશે કે કેમ અને આરોગ્ય વિભાગ દ્વારા સત્વરે પગલાં ભરશે કે કેમ એ તો જોવાનું રહ્યું.

# પ્રાંતિજના વદરાડ ખાતે વિજ કરંટ લાગતા યુવકનુ મોત

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વદરાડ ખાતે રહેતા કિરણસિંહ સુખાજી મકવાણાને વિજકરંટ લાગતાં તેવોનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના વદરાડ ગામે રહેતા કિરણસિંહ સુખાજી મકવાણા ઉ. વર્ષ- ૨૦ પોતાના ઘરે દૂધ દોહવાનુ ઈલેટ્રોનિક મશીન હાથમાં રાખીને સ્વીચ ચાલુ કરતાં અચાનક વિજ કરંટ લાગતા તેવો ઢળી પડ્યા હતા અને તેવોનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું જયારે કિરણસિંહને પ્રાંતિજ સિવિલ ખાતે લાવવામાં આવ્યાં હતાં પણ હાજર તબીબી ડૉ. ડી. કે . જોગીયા દ્વારા યુવાનને મૃત જાહેર કર્યો હતો અને આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં કરતા પ્રાંતિજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.




## ૭માં પગાર પંચની માંગણી સાથે બનાસકાંઠાના ૯૦૦ જેટલા પોસ્ટ કર્મચારીઓ હડતાલ પર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ૭ માં પગાર પંચ અને કાયમી કરવાની માંગ સાથે ૯૦૦ જેટલા ડાક કર્મીઓ હડતાલ પર ઉતરી જતા ડાક સેવા પ્રભાવિત થઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે. ૭ માં પગાર પંચની સાથે કાયમી કરવાની સહિતની માંગ સાથે ૯૦૦ જેટલા પોસ્ટ કર્મચારી અચોક્કસ મુદત ની હડતાળ પર ઉતર્યા છે.ગ્રામીણ ડાક સેવાના કર્મચારીઓ પોતાની માંગણીઓને લઈ હડતાળ પર છે. આજે પાલનપુર પોસ્ટ ઓફિસ સામે હડતાલીયા કર્મચારીઓએ ઉગ્ર સુત્રોચ્ચાર વચ્ચે દેખાવો યોજ્યા હતા. હડતાળને પગલે ગ્રામીણ વિસ્તારોમા ડાક સેવાને અસર પડી છે. ત્યારે સરકાર પોતાની માંગણીઓ નહી સંતોષે તો ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી હડતાલીયા કર્મચારીઓએ ઉચ્ચારી હતી.



## મટોડા પાસે એસ.ટી. બસ પેટ્રોલ પંપમાં ઘૂસી

ખેડબ્રહ્મા તાલુકાના મટોડા પાસે શનિવારના રોજ ગુજરાત એસ.ટી.ની એક બસ રોડ પરથી ઉતરી પેટ્રોલ પંપમાં ઘૂસી ગઈ હતી. ગુજરાત સરકારની એસટી બસ શનિવારે માઉન્ટ આબુથી આણંદ જવા નીકળી હતી જે મટોડા નજીક આવતા બસ બ્રેકડાઉન થતાં બસ નં. જીજે.૧૮.વાય.૯૬૪૦ પેટ્રોલપંપની દિવાલમાં ઘૂસી ગઈ હતી. બસમાં ૩૦ જેટલા પ્રવાસી ગભરાઈ ગયા હતા. પરંતુ કોઈને ઈજાઓ પહોંચી ન હતી.

# મોડાસા તાલુકાના જીવણપુર ખાતે પશુ આરોગ્ય મેળાનું ઉદ્‌ઘાટન

મોડાસા, તા. ૨૦

જીવણપુર ખાતે પશુપાલન શાખા દ્વારા અરવલ્લી જિલ્લા આયોજીત તારીખ ૧૯-૮-૨૦૧૭ના રોજ મોડાસા તાલુકાના જીવણપુર ગામે પશુ આરોગ્ય મેળાનું ઉદ્‌ઘાટન કલેક્ટરના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પશુપાલન થકી આર્થિક સમૃદ્ધિ લાવવા તથા માનવ વિકાસદર ઊંચો લાવવા કલેક્ટરે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આ પ્રસંગે દરેક ઘરે શૌચાલય થકી સ્વચ્છતા કન્યા કેળવણી, બાળકોમાં નિયમિત રસીકરણ, ગર્ભસ્થ મહિલાઓની જાળવણી અને દવાખાનામાં પ્રસુતિ મહિલા સશક્તિકરણ ડીજીટાઈલેશન આધારકાર્ડની મહત્વતા, ગ્રામ રોજગારી અને પારદર્શક ઉજવલા યોજના વિશે ઉંડાણથી માહિતી આપી હતી. આ પશુ આરોગ્ય મેળામાં કુલ ૨૩૨ પશુઓને વિવિધ પ્રકારની મેડીસીન ગાયનોકોલોજી સર્જીકલ, એન્થેલેમેન્ટીક, સારવાર આપવામાં આવી હતી. ડૉ. બી.એમ. સરગરા નાયબ પશુપાલન નિયામક અરવલ્લી દ્વારા સરકારની વિવિધ સહાયકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ગામના સરપંચ ભોગીલાલ પટેલ, દૂધ મંડળીના ચેરમેન દિનેશભાઈ ખાંટ, બાબુભાઈ ખાંટ તથા ગ્રામજનો પશુ આરોગ્ય મેળામાં ઉપસ્થિત રહ્યા હતા. કલેક્ટરે ફલોરીશ ડેરી ફાર્મ, એબલોન સોલાર પાવર પ્લાન્ટ તથા વાંસની ખેતીના ફાર્માની મુલાકાત લીધી હતી.